

# બાળવૃક્ષ

– ડૉ. મધુકાંત આચાર્ય

છોકરાવે નાનકડા છોડને પૂછ્યું, આ તમે ક્યાં ચાલ્યાં ?
ડુંગરેથી દોટ મૂકીને, શાળાના પ્રાંગણમાં આવ્યા.

કાલી ઘેલી ભાષા બોલી, નાનકડા હાથોએ વાવ્યા;
લીંબોડી ને બોર, સદા મધમીઠાં લીંબુડાં લાવ્યાં.

કોઈ લાવતું જલચંબુને, કોઈ લાવતું ખાતર માટી;
નાનકડા હાથોએ જાણે, વૃક્ષોને સદૈવ વધાવ્યાં.

લોક બધું ભેગુ થયુંને, વાગ્યા ઢોલ નગારા જાણે;
બાળ બાળ પૂછે છે સૌને, શાને આ ઉત્સવ અટાણે.

વૃક્ષ વૃક્ષ જીવન છે મિત્રો, વૃક્ષ વિના બધું નકામું;
છે છોડમાં રણછોડ સદાયે, વૃક્ષમંદિર છે આપણું ગાણું.